આકાશવાણી -ભુજ
સમાચાર વાચક: જાગૃતિ વકીલ
કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર
તારીખ:૨૮-૦૭-૨૦૨૩ રવિવાર સમય: સાંજે : ૬:૨૫

## પ્રધાન મંત્રી મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. મનકી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો ફરકાવવાનો અવસર આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા સૌને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

પ્રધાનમંત્રીએ આસામના ચરાઈદેઉ મૈદાનને યુનેસ્કો વૈશ્વિક ધરોહરમાં સામેલ થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.પ્રધાનમંત્રીએ કહ્યું કે PARI અર્થાત્ Public Art Of India ઉભરતા કલાકારોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની રહ્યું છે.

આવતીકાલે દુનિયાભરમાં વાઘ દિવસ મનાવાશે. આ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે વાઘ, આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહ્યા છે, લોક ભાગીદારીને ભારતમાં વાઘની વસતી પ્રતિ વર્ષ વધી રહી છે.પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ 'harghartiranga.com' પર તિરંગાની સાથે સેલ્ફી જરૂર અપલૉડ કરવા અનુરોધ કર્યો હતો.

RNU AHMDABAD

---

## ઓલિમ્પિકમાં ભારતને પહેલો મેડલ મળ્યો

પેરિસ ઓલિમ્પિકમાં આજે ભારતને પહેલો મેડલ મળ્યો ભારતીય શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિકમાં ઈતિહાસ રચ્યો છે. તેણે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. મનુ ઓલિમ્પિકના ઈતિહાસમાં શૂટિંગમાં મેડલ જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મનુ માત્ર 0.1 પોઈન્ટથી સિલ્વર મેડલ જીતવામાં ચૂકી ગઈ હતી. તેણે 221.7 પોઈન્ટ મેળવ્યા છે.

NP /જાગૃતિ વકીલ

---

## કચ્છ દારૂનો જથ્થો

પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાંથી પોલીસે ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો સફળતા પૂર્વક ઝડપી પાડ્યો હતો. બેલા નજીક ખોડીયારવાંઢથી રૂ.2 લાખ 1200ની કિંમતના અંગ્રેજી દારૂના જથ્થાને કબ્જે લઈ પોલીસે આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.કચ્છ પોલીસવડા સાગર બાગમાર તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુત કરવા મળેલી સુચના અંતર્ગત બલાસર પોલીસ સબ ઇન્સપેકટર એસવી ચૌધરીને મળેલી બાતમીના આધારે દરોડો પાડી અંગ્રેજી દારૂનો જથ્થો હસ્તગત કરી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

NP /જાગૃતિ વકીલ

---

## શબાબ : કચ્છ યુનિવર્સીટી

કચ્છી ભાષાના પંડિત અને આકાશવાણી ભુજના પૂર્વ નિયામક તથા જાણીતા કવિ જયંતી જોશીની કચ્છી કવિતા જીરકલીનો અંગ્રેજી અનુવાદ કચ્છ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં સ્થાન પામ્યો છે. કચ્છ યુનિવર્સિટી દ્વારા કોલેજના અંડર ગ્રેજ્યુએટ માટેના પાઠયપુસ્તક `અધ્વિક'માં જીરકલી કવિતાના અંગ્રેજી અનુવાદનો સમાવેશ થયો છે. આ અનુવાદ ડો. કાશ્મીરા મહેતા દ્વારા થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શબાબને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 2010માં ગૌરવ એવોર્ડ, વર્ષ 2022માં સૌથી પહેલાં દુલેરાય કારાણી સાહિત્ય એવોર્ડ, 2023માં રાજભાષા એવોર્ડ મળી ચૂક્યા છે.

NP /જાગૃતિ વકીલ

---

## T -20 મહિલા ક્રિકેટ

આજે મહિલા એશિયા કપ ફાઇનલમાં શ્રીલંકા પહેલી વખત વુમન્સ એશિયા કપ જીત્યું:7 વખતની ચેમ્પિયન ભારતને 8 વિકેટથી હરાવ્યું, ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ભારતે 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 165 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ૧૮.૪ ઓવર માં બે વિકેટ ગુમાવી ૧૬૭ રન કરી શ્રીલંકા ની ટીમ વિજેતા બની હતી.

NP /જાગૃતિ વકીલ

---

## ડીજીપી ડિસ્ક એવોર્ડ: ગાંધીધામ

વર્ષ 2023માં પોલીસ વિભાગની ફરજ દરમિયાન ઉત્કૃષ્ટ અને સરાહનીય પોલીસ સેવા બદલ રાજ્યના 110 પોલીસ અધિકારી-કર્મચારીઓને એવોર્ડ આપવાનું નક્કી કરાયું છે.જે અંતર્ગત પશ્ચિમ કચ્છ જિલ્લામાં માદક પદાર્થની બદીને ડામવા માટે અગત્યની કામગીરી કરનાર એવા એસઓજીના પીઆઇ વી.વી.ભોલાને આગામી 30 જુલાઈના રાજ્ય પોલીસવડા દ્વારા ડીજીપી ડિસ્ક એવોર્ડ -2023 એનાયત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં યુવાધનને બરબાદ થતું અટકાવવા માટે નોંધપાત્ર કામગીરી શ્રી ભલ્લા  દ્વારા કરવામાં આવી છે.ડીજીપી એવોર્ડ એનાયત કરવાની જાહેરાત થતા જિલ્લાના પોલીસદળમાં ખુશીની લાગણી ફેલાઇ છે.

NP  /જાગૃતિ વકીલ

---

## સહકારથી સમૃદ્ધિ : ભુજ

સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્માના અધ્યક્ષસ્થાને કચ્છ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ખાતે "સહકારથી સમૃદ્ધિ" સમીક્ષા બેઠક યોજાઈ.રાજ્યના ખેડૂતો વિદેશમાં પોતાની પ્રોડક્ટ નિકાસ કરી શકે એવી સુચારું વ્યવસ્થા ઊભી કરાશે પાયાના સ્તરે સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવાના હેતુ સાથે યોજાયેલી આ બેઠકમાં ધારાસભ્યઓ અને કચ્છ જિલ્લાની વિવિધ સહકારી સંસ્થાઓના અગ્રણીઓ, પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માહિતી ખાતું

---

## વોટર પ્રૂફ કવર

ભાઇ-બહેનના પ્રેમના પ્રતિક રક્ષાબંધન તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વરસાદી માહોલ વચ્ચે રાખડી માટેના કવર પલળી જવાની સાથે તેમાંની રાખડી પણ પલળી જાય તેમ હોઇ ટપાલ વિભાગ દ્વારા રક્ષાબંધનના તહેવારને લઇને ખાસ વોટરપ્રુફ કવર તૈયાર કરવામાં આવ્યા છે. પ્રારંભિક તબક્કે કચ્છમાં 1992 કવર ફાળવાયા છે, જે આવતીકાલે સોમવાર થી ભુજથી જિલ્લાની સબ પોસ્ટ ઓફિસોને વિતરીત કરાશે. લોકોને દરેક પોસ્ટ ઓફિસમાંથી આ વોટરપ્રુફ કવર માત્ર રૂ.10માં મળશે.

NP  /જાગૃતિ વકીલ

---